# ગુજરાત જાહેર સેવા આયોગ

## રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

## :સુધારા યાદી:

વંચાણે લીધી:(1) આયોગની તા.13.12.2016ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી
(2) આયોગની તા.01.04.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની બીજી યાદી
(3)આયોગની તા.20.06.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની ત્રીજી યાદી
(4) આયોગની તા.06.12.2017ની રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

1. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હેઠળની જુનિયર નગર નિયોજક, વર્ગ-2ની જગ્યાએ ભરતી કરવા માટે જા.ક્ર.01/2015-16 સંદર્ભે તા.08.05.2016ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે અરજી ચકાસણીને પાત્ર થતા ઉમેદવારોની (કામચલાઉ પરિણામ) યાદી આયોગ દ્વારા તા.13.12.2016ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જેમાં કુલ: <u>110</u> ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવેલ હતા.

2. આ <u>110</u> ઉમેદવારોના બેઠક નંબરોની પાત્રતા ચકાસણી બાદ આયોગના તા.14.10. 1986ના કચેરી હુકમથી નિયત નોર્મ્સ અનુસાર રૂબરૂ મુલાકાત માટે પુરતા ઉમેદવારો ન મળતાં લાયકી ધોરણ નીચે લઇ જઇને વધુ <u>57</u> બેઠક નંબરોની બીજી યાદી અરજી ચકાસણી માટે તા.01.04.2017 ના રોજ જાહેર કરવામાં આવેલ હતી. આ <u>57</u> ઉમેદવારના બેઠક નંબરની પાત્રતા ચકાસણી બાદ પણ આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નિયત નોર્મ્સ અનુસાર રૂબરૂ મુલાકાત માટે પુરતા ઉમેદવારો ન મળતાં લાયકી ધોરણ નીચે લઇ જઇને વધુ <u>14</u> બેઠક નંબરોની ત્રીજી યાદી અરજી ચકાસણી માટે તા.20.06.2017ના રોજ જાહેર કરવામાં આવેલ હતી.

3. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.05.09.2017ના પત્ર અન્વયે માસ્ટર ઓફ પ્લાનીંગ ઇન્ડસ્ટ્રીયલ એરીયા પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ અને એમ.ટેક ઇન્ફ્રાસ્ટ્રકચર પ્લાનીંગની પદવીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણવાના થતાં તદાનુસાર પુન: અરજી ચકાસણી કરતાં, પ્રાથમિક કસોટી તથા અરજી ચકાસણીને અંતે તા.06.12.2017ના રોજ રૂબરૂ મુલાકાતને પાત્ર કુલ: 68 ઉમેદવારોની પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

4. એસસીએ નં. 18459/2017માં નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ અન્વયે બેઠક નંબર: 101000255 પરના ઉમેદવારને શરતી ધોરણે રૂબરૂ મુલાકતને પાત્ર ગણવામાં આવેલ હતા. આ કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટએ તા.25.01.2018ના ORAL ORDER થી ઉમેદવારને આપેલ વચગાળાની રાહત રદ કરેલ છે, નામદાર ગુજરાત હાઇકોર્ટનઓ તા.25.01.2018ના ORAL ORDER

# 2 #

વિચારણામાં લેતાં બેઠક ક્રમાંક. 101000255 પરના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોઇ, તેઓને રૂબરૂ મુલાકાત માટે અપાત્ર જાહેર કરવામાં આવે છે. તથા આ ઉમેદવારનો "આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ **(Passing standard)** ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી." માં સમાવેશ કરવામાં આવે છે.

5. આમ થતાં હવે રૂબરૂ મુલાકાતને પાત્ર થતા ઉમેદવારોની કુલ સંખ્યા 67 (SIXTY-SEVEN) થશે. તથા આ યાદી હેઠળ ની નોંધ: 3 (1) " આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ **(Passing standard)** ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી." માં બેઠક નંબર: 101000255 નો સમાવેશ કરતાં, આ સંખ્યા હવે 64 (SIXTY-FOUR) થાય છે.

6. તા.06.12.2017ના રોજ રૂબરૂ મુલાકાત માટે પાત્ર જાહેર કરવામાં આવેલ યાદીમાં આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નિયત નોર્મ્સ મુજબ સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગની કુલ: **05** જગ્યાઓ સામે રૂબરૂ મુલાકાત માટે **15** ઉમેદવારોને બોલાવવાના થાય છે, પરંતુ **07 (પ્રાપ્ય તમામ)** ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવેલ છે, આથી બેઠક ક્રમાંક..101000255 પરના ઉમેદવારને રૂબરૂ મુલાકાત માટે અપાત્ર ગણતાં સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગના વધુ કોઇ ઉમેદવારને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવાના રહેતા નથી. આયોગની કચેરી દ્વારા તા.06.12.2017ના રોજ પ્રસિધ્ધ થયેલ રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીની અન્ય વિગતો યથાવત રહેશે.

Sd/-

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

સ્થળ: ગાંધીનગર-382010

તારીખ: 01.02.2018